ગુ. પં. સે. પ. બોર્ડ
ગાંધીનગર-૩૮૨૦૧૦
ઈનવર્ડ 3334
દફતર RB-1 ...2
તારીખ 22/12/21

**સીધી ભરતી માટેની ઉપલી વયમર્યાદામાં એક વર્ષની છૂટછાટ તા.૧/૯/૨૦૨૧થી તા.૩૧/૮/૨૦૨૨ સુધીના સમયગાળા માટે આપવા બાબત**

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-પીઆરઆર/૧૧૯૬/૦૧/ખ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૦/૧૨/૨૦૨૧.

20 DEC 2021

**વંચાણે લીધા:-**

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૪/૧૦/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક:-જીએસ/૧૮/૨૦૨૧/સીઆરઆર/૧૧/૨૦૨૧/૪૫૦૯૦૦/ગ-૫.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૪/૧૦/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક:-જીએસ/૧૧/૨૦૨૧/૪૫૦૯૦૦/ગ-૫.

(૩) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૨૦/૧૨/૨૦૨૧ ના જાહેરનામા ક્રમાંક:-કેપી/ ૨૭૧/૨૦૨૧/પીઆરઆર/૧૧૯૬/૦૧/ખ

**<u>પ્રસ્તાવના:-</u>**

તાજેતરમાં ફેલાયેલ Covid-19ની મહામારીના કારણે રાજ્ય સરકાર હેઠળની ઘણી બધી જગ્યાઓ પર સીધી ભરતી સ્થગિત કરવામાં આવેલ છે. અથવા તો પાછી ઠેલવામાં આવેલ છે. જેના કારણે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં ઘણા બધા ઉમેદવારો મહત્તમ વયમર્યાદા વટાવી ચૂકેલ હોય તે બનવા જોગ થયેલ હોવથી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વંચાણે લીધેલ-૧ મુજબની અધિસુચના અને વંચાણે લીધલ-૨ મુજબનો ઠરાવ કરેલ છે.

સદરહું વંચાણે લીધેલ ૧ અને (૨) થી રાજ્ય સરકારમાં સીધી ભરતી કરવા પ્રસિધ્ધ કરાયેલ જાહેરાતોમાં ઉમેદવારોની ઉપલી વયમર્યાદામાં એક વર્ષની છૂટછાટ આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે અને ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૯૮માં આ સંદર્ભે યોગ્ય સુધારા કરવા પણ જણાવેલ છે.

આમ, સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ (૧) અને (૨) અન્વયે પંચાયત સેવાના નિયમોમાં આ પ્રકારનો સુધારો કરવાનો રહે છે. જે અંગે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની વિગતોએ ઠરાવ કરવામાં આવે છે.

૧. ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા સીધી ભરતી કરવા પ્રસિધ્ધ કરાયેલ જાહેરાતોમાં ઉમેદવારોની ઉપલી વયમર્યાદામાં ૧ વર્ષની છૂટછાટ આપવાની જોગવાઇ ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો, ૧૯૯૮ માં નિયમ: ૨૨(A) કરવામાં આવે છે.

RB-1/RB-2
22/12 22/12

૨. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના વંચાણે લીધેલ (૩)ના જાહેરનામાની જોગવાઈ નીચેના પ્રસંગે લાગુ કરવાની રહેશે.

૨.૧ મહત્તમ વયમર્યાદામાં છૂટછાટ, તા.૧/૯/૨૦૨૧ થી તા.૩૧/૮/૨૦૨૨ સુધીના સમયગાળામાં પ્રસિધ્ધ થયેલ તમામ જાહેરાતોના સંદર્ભમાં મહત્તમ વયમર્યાદામાં એક વર્ષની છૂટછાટ લાગુ પડશે.

૨.૨ જાહેરાત તા.૧/૯/૨૦૨૧ અગાઉ પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય પરંતુ અરજી કરવાની અંતિમ તા.૧/૯/૨૦૨૧ કે ત્યારબાદની હોય તો તે ભરતી પ્રક્રિયામાં ઉક્ત મહત્તમ વયમર્યાદાનો લાભ આપવાનો રહેશે.

૩. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૨૦/૧૨/૨૦૨૧ના ઉક્ત જાહેરનામાની જોગવાઈથી નીચે મુજબનો લાભ આપવાનો રહેશે.

૩.૧ જે જગ્યાના ભરતી નિયમોમાં ફક્ત સ્નાતકની શૈક્ષણિક લાયકાતની જોગવાઇ હોય એટલે કે મહત્તમ વયમર્યાદા ૩૫ વર્ષ નિયત કરવામાં આવેલ હોય તેવી તમામ જગ્યાઓની સીધી ભરતી ઉક્ત સમયગાળામાં કરવામાં આવે તો મહત્તમ વયમર્યાદા ૩૬ વર્ષ ગણવાની તથા જે જગ્યાના ભરતી નિયમોમાં સ્નાતક કરતાં ઓછી હોઇ શૈક્ષણિક લાયકાતની જોગવાઇ હોય એટલે કે મહત્તમ વયમર્યાદા ૩૩ વર્ષ નિયત કરવામાં આવેલ હોય તેવી તમામ જગ્યાઓની સીધી ભરતી ઉક્ત સમયગાળામાં કરવામાં આવે તો મહત્તમ વયમર્યાદા ૩૪ વર્ષ ગણવાની રહેશે.

૩.૨ ઉક્ત જાહેરનામા સંદર્ભે મહત્તમ વયમર્યાદામાં છૂટછાટ ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમ:-૮ ની પ્રવર્તમાન જોગવાઇ ઉપરાંતનો અને આ નિયમોની શરતોને આધીન આપવાનો રહે છે. એટલે કે, રાજ્ય સરકાર હેઠળ કેટેગરીઓ(SC/ST/OBC/EWS/Women)માં આરક્ષણનો લાભ મેળવતા ઉમેદવારોને વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ ૪૫ વર્ષથી વધે નહિં તે મુજબ આપવાની રહેશે.

૪. પ્રસ્તુત નિર્ણયનો અમલ પંચાયત સેવામાં ઉક્ત સુધારા જાહેરનામા સંદર્ભે યોગ્ય તે કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(આશુતોષ દેવડા)**
સેકશન અધિકારી,
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી (પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર

- વિકાસ કમિશનરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન , ગાંધીનગર.
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (આઇ.ટી.), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,ગાંધીનગર તરફ

  સદરહુ ઠરાવને વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી.
- પસંદગી ફાઇલ ખ– શાખા